"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સમર્પણ ન્યૂઝ"

સમાચારનો સાચો પ્રભાવ

# સત્ય સમર્પણ NEWS

સોશિયલ મીડિયા આવૃત્તિ

શુભ નવરાત્રી

RNI NO: GUJGUJ/2023/84681

Email : satyasmarpannews@gmail.com

તંત્રી : ક્રિશ પઢારિયા | સહતંત્રી : મયુરસિંહ જાડેજા | Date : 22-9-2025 | Monday | Page : 8 | Year : 1 | Issue : 255 | Price : 2/-

આપના મોબાઈલમાં સત્ય સર્મપણ મેળવવા ઈચ્છો છો??

QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

# પોરબંદર દરિયામાં માલવાહક જહાજમાં ભીષણ આગ

## ૧૪ ક્રૂ-મેમ્બર્સને બચાવાયા, ૭૮ ટન ખાંડ અને ૯૫૦ ટન ચોખા ભરેલાં હોવાને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું



■ **જામનગરનું PDI 1383 હરિદર્શન જહાજ સોમાલિયા જવા નીકળ્યું હતું**

પોરબંદર, તા. ૨૨: પોરબંદરના ઓલવેધર પોર્ટ પર આજે સોમવારે સવારે એક માલવાહક જહાજમાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે. આ જહાજ ૯૫૦ ટન ચોખા અને ૭૮ ટન ખાંડ ભરીને સોમાલિયા જવા રવાના થવાનું હતું. આગ લાગતાં જ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેને પગલે ૧૪ ક્રૂ-મેમ્બર્સને બચાવી લેવાયા હતા. જામનગરનું PDI 1383 'હરિદર્શન' નામનું જહાજ, જેમાં પહેલાંથી જ ચોખા અને ખાંડ જેવો જ્વલનશીલ માલ ભરેલો હતો, એમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ માલસામાનને કારણે આગે ખૂબ જ ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, અને એની જ્વાળાઓ દૂર સુધી દેખાઈ રહી હતી. સલામતીના ભાગરૂપે જહાજને તાત્કાલિક પોર્ટથી દૂર દરિયામાં લઈ જવામાં આવ્યું હતું અને ત્યાં આગ બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ ઘટના સમયે જહાજમાં સવાર ૧૪ ક્રૂ-મેમ્બર્સને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. સદ્ભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી, જોકે આગને કારણે જહાજને ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. આગ કયા કારણસર લાગી એ અંગેની વિગતો હજુ સુધી બહાર આવી નથી અને આ મામલે તપાસ ચાલી રહી છે.

# જીએસટીમાં રાહતને પગલે ઈલેક્ટ્રોનિક સામાન અને ગાડીઓના બુકીંગમાં મોટો ઉછાળો

નવી દિલ્હી, તા. ૨૨: સરકારે જીએસટી સ્લેબમાં ઘટાડો કરીને આમજનને મોટી રાહત આપી છે. જીએસટીમાં ઘટાડા બાદ ઈલેક્ટ્રોનિક્સ, સામાન અને મોટર સાયકલના બુકીંગમાં મોટો ઉછાળો આવ્યો છે. સાથે સાથે ગ્રાહકોનો રસ પણ તેમાં વધ્યો છે અને તેઓ કિંમતોના બારામાં જાણકારી મેળવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીએસટીમાં કરાયેલા સુધારા ભારતની વૃદ્ધિમાં નવા પ્રાણ ફૂંકશે તેમ જણાવતા નાગરિકોને દેશની સમૃદ્ધિ માટે 'સ્વદેશી' ઉત્પાદનો અને આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવા હાકલ કરી હતી. તેમણે કહ્યું નવરાત્રિના પહેલા દિવસથી સોમવારે આગામી પેઢીના જીએસટી સુધારા સાથે દેશ આત્મનિર્ભરતાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ઉઠાવી રહ્યો છે. દેશમાં સોમવારથી જીએસટી બચત ઉત્સવ શરૂ થશે. કારણ કે ૯૯ ટકા વસ્તુઓ જીએસટીના પાંચ ટકાના દાયરામાં આવી જશે અને તે સસ્તી થઈ જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીએસટી સુધારાના



અમલની પૂર્વ સંધ્યાએ રવિવારે ૧૯ મિનિટના રાષ્ટ્રજોગ સંબોધનમાં કહ્યું કે, અમે નાગરિક દેવો ભવઃના મંત્ર સાથે આગળ વધી રહ્યા છીએ અને નેક્સ્ટ જનરેશન જીએસટી રિફોર્મમાં તેની ઝાંકી સ્પષ્ટપણે જોવા મળે છે. આપણે ઈન્કમ ટેક્સમાં છૂટ અને જીએસટીમાં છૂટને જોડી દઈએ તો એક વર્ષમાં જે નિર્ણય લેવાયા છે તેનાથી દેશના લોકોને ૨.૫ લાખ કરોડ રૂપિયાથી વધુની બચત થશે.

જાણવા મળતી વિગત મુજબ મુખ્ય ઓટો કંપનીઓ દ્વારા ભાવમાં કપાતની જાહેરાતની સાથે જ કેટલીક કારોના મોડેલનું બુકીંગ ૪૫ ટકાથી ૪૭ ટકા વધી ગયું છે. કંપનીઓ અનુસાર જે લોકોએ બે-ત્રણ હપ્તા પહેલા પણ બુકીંગ કરાવ્યું છે.

તેમને પણ કિંમતોમાં આ મોટી કપાતનો લાભ મળશે. જયારે ટુ વ્હીલર વાહનોના ભાવ ૬૦૦૦થી ૧૬૦૦૦ રૂપિયા સસ્તા થઈ જશે. ડીલરોનું કહેવું છે કે લોકો તરફથી સતત વાહન બુકીંગ વધી રહ્યું છે. દરેક ગ્રાહક ૨૨ સપ્ટેમ્બર બાદ બુકીંગ ઈચ્છે છે જેથી જીએસટી કપાતનો ફાયદો ઉઠાવી શકે. અનુમાન છે કે આ તહેવારોની સીઝનમાં વેચાણ ડબલ થઈ શકે છે.

ફ્રિઝ, વોશીંગ મશીન જેવા ઘરેલુ ઉપકરણો પર જીએસટી ૨૮ ટકાથી ઘટીને ૧૮ ટકા કરી દેવાતા તેનું બુકીંગ વધી રહ્યું છે.

# અમદાવાદ પ્લેન ક્રેશમાં પાયલટનો વાંક કાઢવો કમનસીબી, સુપ્રીમ કોર્ટની કેન્દ્રને નોટિસ



નવી દિલ્હી, તા. ૨૨: સુપ્રીમ કોર્ટે આજે ૨૨ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ પ્લેન ક્રેશ મામલે સુનાવણી દરમિયાન પ્રાથમિક રિપોર્ટ લીક થવા બદલ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે એર ઈન્ડિયા ફ્લાઈટ અઈ૧૭૧ના ક્રેશ માટે પાયલટને જવાબદાર ઠેરવવાના આરોપને કમનસીબી ગણાવ્યો હતો. આ દુર્ઘટનાની તપાસ દરમિયાન રજૂ કરવામાં આવેલા પ્રાથમિક રિપોર્ટ જાહેર થયો હતો. જેમાં મીડિયાએ પાયલટને જવાબદાર ઠેરવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતાં ગુપ્તતા જાળવવા મહત્ત્વ આપ્યું હતું, તેમજ સ્વતંત્ર તપાસની માગ કરતી અરજી પર કેન્દ્ર સરકારને નોટિસ મોકલી હતી.

સુપ્રીમ કોર્ટે મૌખિક ધોરણે નોંધ્યું હતું કે, અમદાવાદ પ્લેન ક્રેશની તપાસનો પ્રાથમિક રિપોર્ટ જાહેર કરવો દુર્ભાગ્યપૂર્ણ છે. જ્યાં સુધી સંપૂર્ણ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ગુપ્તતા જાળવવી આવશ્યક છે. ઉલ્લેખનીય છે, સુપ્રીમ કોર્ટમાં ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં બનેલી પ્લેન ક્રેશની ભયાવહ દુર્ઘટના મામલે ચાલી રહેલી તપાસનું નિરીક્ષણ કરવા માટે સ્વતંત્ર કોર્ટની માગણી કરતી અપીલ પર સુનાવણી હાથ ધરાઈ હતી. આ દુર્ઘટનામાં ૨૬૦ લોકો માર્યા ગયા હતા. જેની સુનાવણી જસ્ટિસ સુર્યકાંત અને એન. કોટિશ્વરસિંહ કરી રહ્યા હતાં.

એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ની ભયાનક દુર્ઘટનામાં ૨૬૦થી વધુ લોકોનાં મોત થયા હતા. આ ઘટના માત્ર એક દુર્ઘટના નહોતી, પરંતુ સુરક્ષા પ્રણાલીઓમાં રહેલી ખામીઓનો ચોંકાવનારો પુરાવો હતો, જેને લીધે મૃતકોના પરિવારોએ હવે અમેરિકા સ્થિત વિમાન નિર્માતા કંપની 'બોઇંગ' અને વિમાનના પાર્ટ્સ બનાવતી કંપની 'હનીવેલ' સામે કાનૂની મુકદમો દાખલ કર્યો છે. આ કેસ ફક્ત નાણાકીય વળતર માટે નથી કરાયો, પણ કંપનીઓને તેમની જવાબદારીનું ભાન થાય અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને એ માટેનો છે. પરિવારોના દાવા અનુસાર વિમાનના ઈંધણ સ્વીચોમાં ખામી રહેલી હતી. પ્રારંભિક તપાસમાં પણ જાણવા મળ્યું હતું કે, સ્વીચ 'રન'થી 'કટ-ઓફ' સ્થિતિમાં ખસી જતાં એન્જિનને જરૂરી ઈંધણ મળ્યું નહીં. પરિણામે વિમાનને મળતો થ્રસ્ટ બંધ થઈ ગયો અને વિમાન ધરાશાયી થઈ ગયું. આમ વિમાનની ડિઝાઈનમાં રહેલી ખામીને લીધે આ ઘાતક દુર્ઘટના સર્જાઈ હતી.

૨૦૧૮માં અમેરિકાની FAA (ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન)એ ઓપરેટરોને ઈંધણ સ્વીચના લોકીંગ મિકેનિઝમનું નિરીક્ષણ કરવાની સલાહ આપી હતી. પરંતુ, આ સલાહને ફરજિયાત બનાવવામાં આવી નહોતી. તેથી મૃતકોના પરિવારો આક્ષેપ કરે છે કે બોઈંગ અને હનીવેલે જોખમ જાણ્યા છતાં જરૂરી ફેરફાર કર્યા નહીં. એવું કહેવામાં આવે છે કે કંપનીઓએ ન તો એરલાઈન્સને પુરતી ચેતવણી આપી હતી, ન તો વિકલ્પ રૂપે નવા પાર્ટ્સ ઉપલબ્ધ કરાવ્યા હતા.

## ભારતે બનાવ્યું મેગા ન્યૂક્લિયર રિએક્ટર



નવી દિલ્હી, તા. ૨૨: ભારતે નૌસેનાની તાકાતમાં વધારો કરવા માટે એક ખાસ અને ખતરનાક ટેકનોલોજી ડેવલપ કરી છે. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર () દ્વારા ૨૦૦ મેગાવોટ ઈલેક્ટ્રિક ()નો એક નવો ન્યુક્લિયર રીએક્ટર બનાવાયો છે. આ રીએક્ટર ૫ ક્લાસની ન્યુક્લિયર સબમરીન અને ન્યુક્લિયર અટેક સબમરીન (પ્રોજેક્ટ ૭૭)માં લગાવવામાં આવશે, જેનાથી સબમરીનની શક્તિ બમણી થઈ જશે. હાલમાં ભારતની ઈંગજ અરિહંત અને ઈંગજ અરિઘાત જેવી ન્યુક્લિયર સબમરીનમાં ૮૩ ખઠય નો રીએક્ટર છે, જે નાના હોવાથી સબમરીન લાંબો સમય પાણીની અંદર રહી શકતી નથી, જેના કારણે મિશન ટૂંકા થઈ જાય છે. જોકે હવે નવો ૨૦૦ ખઠયનો રીએક્ટર બમણી શક્તિ પુરી પાડશે, જેના કારણે સબમરીનને વધુ સમય માટે ડૂબી રહેવા માટે તેમજ લાંબા મિશન પૂરા કરવા માટે સક્ષમ બનાવશે. જ૫ ક્લાસ ભારતની નેક્સ જનરેશનની બેલિસ્ટિક મિસાઈલ સબમરીન છે, જે આઈએનએસ અરિહંત ક્લાસ કરતાં મોટી એટલે કે ૧૩૦૦૦ ટનની હશે.

આ સબમરીનમાં ૫૦૦૦ કિલોમીટરની રેન્જની પઊિં-૫ જકઈખ ૧૨-૧૬ ICBM મિસાઈલો લગાવી શકાશે. આ ઉપરાંત પ્રોજેક્ટ ૭૭ હેઠળની એટેક સબમરીન દુશ્મન જહાજોનો સરળતાથી શિકાર કરી શકશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી ચીનની સબમરીન સતત મજબૂત થઈ રહી છે, તેથી ભારતે પણ મજબૂત હથિયારો વિકસીત કરવા જરૂરી બની ગયા છે.

## બિહારમાં ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ચુંટણીની જાહેરાત

નવી દિલ્હી, તા. ૨૨: આ વર્ષના સૌથી આખરી વિધાનસભા ચુંટણી માટે તમામ મુખ્ય રાજકીય પક્ષો તૈયાર થઈ ગયા છે અને હવે બેઠક સમજૂતી મુદે વાટાઘાટ શરૂ થઈ છે તે વચ્ચે ચુંટણી પંચે પણ રાજયમાં વિધાનસભા ચુંટણીઓ યોજવા તૈયારી કરી છે અને ઓકટોબર પ્રથમ સપ્તાહમાં રાજયમાં ધારાસભા ચુંટણીઓની જાહેરાત થઈ શકે છે. રાજયમાં બે તબકકામાં ૨૪૩ બેઠકો પર મતદાન યોજાવાની ધારણા છે. મુખ્ય જંગ જનતાદળ (યુ) અને ભાજપના એનડીએ તથા રાષ્ટ્રીય જનતાદળ તથા કોંગ્રેસના મહાગઠબંધન વચ્ચે છે તો જાણીતા ચુંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર તેમના નવા રાજકીય પક્ષ સૂરાજ પાર્ટી મારફત પોતાનું રાજકીય ભાવી નકકી કરવા માંગે છે.

બિહારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લા બે માસમાં અનેક પ્રવાસો કરીને તેમના કરીશ્માના આધારે મત મેળવવા માટે અને એનડીએ ફરી સતા પર આવે તે જોવા પ્રયાસ કરે છે તો કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ રાજકીય વ્યુહોની શતરંજ ગોઠવીને વિરોધ પક્ષોને મહાત કરવા માટે સક્રીય છે.

રાજયના મુખ્યમંત્રી નીતીશકુમાર ચુંટણી જાહેર થાય તે પુર્વે વિવિધ વર્ગો માટે 'રેવડીઓ'ની જાહેરાત કરી રહ્યા છે. બીજી તરફ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાજયમાં મતદાર યાદી સુધારણા કામગીરી મુદે વોટ ચોરીનો મુદો ગજવ્યો છે અને તેજસ્વી યાદવ હવે તેમના એક સમયના સાથી નીતીશકુમારના શાસનને ટાર્ગેટ કરી રહ્યા છે.

રાજયમાં રાજદ સાથે છેડો ફાડી ફરી એનડીએ સાથે જોડાયેલા જનતાદળ (યુ) અને નીતીશકુમાર માટે પક્ષને 'મોટાભાઈ' બનાવી રાખવાનો પણ પડકાર છે તો ભાજપ હવે નીતીશને ભવિષ્યમાં કટ ટુ સાઈઝ કરી શકાય તેવા વ્યુહ સાથે આગળ વધી રહ્યો છે.

દેશમાં પ્રથમ નીતિ આધારિત સર્વે બિહારમાં થયા તેની હવે રાજકીય વ્યુહો તેના આધારિત હશે. ઓબીસી અને ઈબીસીએ બન્ને મળીને ૬૩% મતદારો છે. યાદવ ૧૪% છે. બાકી એસટી, એસસી અને અન્ય નાના સમાજો છે.

या देवी सर्वभूतेषू
क्षान्ति रूपेण
संस्थिता। नमस्तस्यै
नमस्तस्यै नमस्तस्यै
नमो नमः।।

शुभ नवरात्री



માઁ નવ દુર્ગા આપ સૌના પરિવારમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ, સંપત્તિ અને સારૂં આરોગ્ય અર્પે, આપના બધા જ કાર્યો આપની ઈચ્છા પ્રમાણે સફળતાપૂર્વક પાર પાડે તેવી ‘સત્ય સમર્પણ’ પરિવાર તરફથી માં ભગવતીના ચરણોમાં પ્રાર્થના



**ક્રિશ પઢારિયા**
તંત્રી



**મયુરસિંહ જાડેજા**
સહતંત્રી

# ભારતને દબાવવા, ભારતીયોને પરેશાન કરવાની ટ્રમ્પની ઝેરી વૃત્તિ



## તંત્રી લેખ

- ક્રિશ પઢારિયા

હાલમાં અમેરિકામાં અંદાજે ૮.૫૦ લાખ ઇં-૧ઇ વીઝા ધારકો છે હવે તેમના માટે કંપનીઓએ પ્રતિ કર્મચારી ૧ લાખ ડોલર આપવા પડે તો આંકડો ૮૫ અબજ ડોલર પહોંચે છે, દર વર્ષે કંપનીઓને આટલી મોટી રકમ ભરવી પોષાય તેમ જ નથી : કંપનીઓ દ્વારા અમેરિકામાં એચ૧બી વીઝાધારકોને રોકવા હશે તો તેમને મોટો પગાર પણ આપવો પડશે અને તેમના વતી ૧ લાખ ડોલર ફી પણ ભરવી પડશે. આ સંજોગોમાં કંપનીઓ ઉપર આર્થિક બોજ ખૂબ જ વધી જશે : H-1B વીઝા ઉપર અમેરિકા આવતા લોકોમાં ૭૧ ટકા લોકો ભારતના હોય છે. બીજી તરફ બીજા ક્રમે ચીન આવે છે જેના અંદાજે ૧૨ ટકા લોકો હોય છે. દેખીતી રીતે ટ્રમ્પે ભારતીયોને જ પરેશાન કરવા માટે, ભારતીય આઈટી કંપનીઓને નુકસાન કરવા અને ટેરિફ મુદ્દે ભારતને દબાવવા માટે આ મેલી મથરાવટી ઘસી હોવાનું દેખાઈ રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ વોરના નામે જે ધડમાથા વગરના નિર્ણયો કરી રહ્યા છે અને આદેશો આપી રહ્યા છે તે જણાવે છે કે, તેઓ ભારત સાથે અંગત દુશ્મની કાઢી રહ્યા લાગે છે. સતત ભારત વિરોધી અને અવિચારી નિર્ણયો લેનારા ટ્રમ્પે હવે ઇં-૧ઇ વીઝાની ફી વધારીને ૧ લાખ ડોલર કરી નાખી છે. મેક અમેરિકા ગ્રેટના કપોળકલ્પિત સૂત્ર સાથે અમેરિકા માટે અને અમેરિકનો માટે કામ કરવાની વાતો કરનારા ટ્રમ્પે H-1ઇ વીઝા લઈને આવતા વિદેશીઓ ખાસ કરીને ભારતીયો ઉપર વધારે બોજ આવે તે માટે આ વીઝાની ફી ૧ લાખ ડોલર કરી નાખી છે. ભારતના મોટાભાગના આઈટી પ્રોફેશનલ્સ અને અન્ય હાઈલી ક્વોલિફાઈડ પ્રોફેશનલ્સ આ વીઝા ઉપર જ અમેરિકામાં આવતા હોય છે. ટ્રમ્પનું તૂત છે કે, મલ્ટિનેશનલ કંપનીઓ અમેરિકામાંથી કામ કરી રહી છે તો તેઓ અમેરિકનોને રોજગારી આપે નહીંતર તેમના વિદેશી કર્મચારી પેટે એક લાખ ડોલરની ફી ભરે. આ માટેની ફી ભરવાનો આદેશ તાત્કાલિક અમલ કરી દીધો છે. ૨૧ સપ્ટેમ્બરે મધરાતથી આ નિયમ અમલમાં આવી જશે અને આઈટી ઈન્ડસ્ટ્રી ફસાઈ જશે.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે તાકીદે એક સરકારી આદેશ જારી કરી દીધો છે અને ઇં-૧ઇ વીઝા ફીમાં તોતિંગ વધારો ઝિંકી દીધો છે. આ વીઝાની ફી ૧ લાખ ડોલર એટલે કે અંદાજે ૮૮ લાખ રૂપિયા કરી નાખી છે. અમેરિકાના સ્થાનિક અને હાઈલી ક્વોલિફાઈડ લોકોને રોજગારી મળી રહે અને વિદેશથી આવતા લોકોનો ધસારો ઓછો થાય. જાણકારોના મતે હાલમાં અમેરિકામાં અંદાજે ૮.૫૦ લાખ જેટલા એચ૧બી ધારકો રહે છે. ૨૦૧૯માં આ આંકડો ૬ લાખની આસપાસ હતો. હવે જો દરેક કર્મચારીની ૧ લાખ ડોલરની ફી વિચારીએ તો અમેરિકામાં કામ કરતી કંપનીઓએ કુલ ૮૫ અબજ ડોલરની ફી ચુકવવાની આવે. તેનાથી બચવા માટે તેમણે ઈમિગ્રન્ટ કર્મચારીઓને છોડીને સ્થાનિક કર્મચારીઓ ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરવું પડે. ટ્રમ્પનું કહેવું છે કે, આપણી નોકરીઓ આપણા જ નાગરિકોને આપવામાં આવે. કંપનીઓ અમેરિકનોને નોકરી આપે, તેમને તાલિમ આપે અને યોગ્ય રોજગારી ઊભી કરે. વિદેશીઓને નોકરી ઓછી આપે. મહત્ત્વની વાત એ છે કે, જો અમેરિકન કંપનીઓ અને મલ્ટિનેશનલ કંપનીઓ દ્વારા અમેરિકામાં એચ૧બી વીઝાધારકોને રોકવા હશે તો તેમને મોટો પગાર પણ આપવો પડશે અને તેમના વતી ૧ લાખ ડોલર ફી પણ ભરવી પડશે. આ સંજોગોમાં કંપનીઓ ઉપર આર્થિક બોજ ખૂબ જ વધી જશે. તેની સામે અમેરિકી ક્વોલિફાઈડ યુવાનોને તાલિમ આપીને નોકરી




રાખવાનું વધારે સસ્તું પડશે. બીજી ગંભીર બાબત એવી છે કે, ટ્રમ્પે જારી કરેલા નવા નિયમ પ્રમાણે એચવનબી વીઝા છ વર્ષ માટે જ માન્ય રહેશે. નવી અરજી કરી હોય કે રીન્યૂ કર્યું હોય તે છ વર્ષ માટે જ માન્ય ગણાશે. ત્યારબાદ તેના માટે નવેસરથી પ્રોસેસ કરવાની રહેશે કે શું કરવાનું રહેશે તે જણાવાયું નથી. ટ્રમ્પનો દાવો છે કે, આ વીઝાનો મોટાપાયે દૂરુપયોગ થઈ રહ્યો છે અને તેનાથી અમેરિકી અર્થવ્યવસ્થાને નુકસાન થઈ રહ્યું છે. અમેરિકનોને રોજગારી મળશે તો અમેરિકન અર્થતંત્ર પણ સુધરશે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે અમેરિકા દ્વારા ૮૫,૦૦૦ લોકોને નવા H-1B વીઝા આપવામાં આવે છે. હવે આ વીઝા ક્વોટામાં સૌથી વધારે કર્મચારીઓ ભારતમાંથી આવતા હોય છે. જાણકારોના અહેવાલ પ્રમાણે ઇં-૧ઇ વીઝા ઉપર અમેરિકા આવતા લોકોમાં ૭૧ ટકા લોકો ભારતના હોય છે. બીજી તરફ બીજા ક્રમે ચીન આવે છે જેના અંદાજે ૧૨ ટકા લોકો હોય છે. દેખીતી રીતે ટ્રમ્પે ભારતીયોને જ પરેશાન કરવા માટે, ભારતીય આઈટી કંપનીઓને નુકસાન કરવા અને ટેરિફ મુદ્દે ભારતને દબાવવા માટે આ મેલી મથરાવટી ઘસી હોવાનું દેખાઈ રહ્યું છે. વાત એવી છે કે, કંપનીઓ ભારતીયોને અમેરિકા કામ કરવા માટે લાવે છે. તેમની પાસે એચવનબી વીઝા થકી જવા સિવાય ખાસ વિકલ્પ નથી. તેઓ ગ્રીન કાર્ડ મેળવી શકે છે પણ તેમાં વેઈટિંગ ખૂબ જ મોટું છે. તેમાં ઘણો સમય જાય તેમ છે. તે સિવાય તમામ લોકોને એચવનબી વીઝા હેઠળ જ કામ કરવું પડશે. તે ઉપરાંત વારંવાર તેને રિન્યૂ કરવાની પણ ફરજ પડશે. આ દર વખતે રિન્યૂ કરવા જશે ત્યારે તેને ૧ લાખ ડોલર ભરવાના આવશે. બીજી વાત એવી છે કે, કંપનીઓએ અથવા તો નિમણુક કરનારાઓ દર વખતે પેમેન્ટ કર્યા બાદ તેના પુરાવા સાચવી રાખવા પડશે. તે ઉપરાંત રાજ્યના સચિવ પાસે તેની ખાતરી કરાવવી પડશે. જે કર્મચારીઓની પેમેન્ટ કરવામાં આવ્યું નહીં હોય તેમને હોમલેન્ડ સુરક્ષા વિભાગ અથવા રાજ્ય વિભાગ અમેરિકામાં પ્રવેશ કરતા રોકી શકશે અથવા પરત મોકલી શકશે. એક બાબત સારી છે કે, નવો નિયમ ૨૧ સપ્ટેમ્બર મધરાતથી લાગુ થવાનો છે અને ત્યારબાદ જે લોકો એચવનબી વીઝા લઈને અમેરિકા આવી રહ્યા છે તેમને જ આ નિયમ લાગુ થવાનો છે, જૂના લોકોને જરાય લેવાદેવા નથી. હાલમાં જો અમેરિકન આઈટી અને અન્ય સેક્ટરમાં એચવનબી વીઝા ઉપર અમેરિકામાં રહેલા વિદેશીઓની સંખ્યા જઈએ તો ભારતીય કંપનીઓ કરતા અમેરિકન કંપનીઓમાં વધારે છે. ખાસ કરીને ભારતીયોને નોકરી ઉપર રાખવાનું પ્રમાણ એમેઝોન અને માઈક્રોસોફ્ટ દ્વારા સૌથી વધારે જોવા મળ્યું છે.



# નવરાત્રીનો આજથી પ્રારંભ હસ્ત નક્ષત્રમાં માતાજી હાથી પર બેસીને પધારશે

## નવ દિવસની પરંપરા બદલે દસ દિવસ સુધી ચાલશેઃ 30 સપ્ટેમ્બરે અષ્ટમી, ૧ ઓક્ટોબરે નવમી અને ૨ ઓક્ટોબરે દશેરા સાથે નવરાત્રીનું સમાપન

આ વર્ષની શારદીય નવરાત્રી ૨૦૮૧નું પ્રારંભ સોમવારે, હસ્ત નક્ષત્રમાં, શુક્લ અને બ્રહ્મયોગના શુભ સંયોજન સાથે થશે. ખાસ વાત એ છે કે આ વર્ષે નવરાત્રી પરંપરાગત નવ દિવસના બદલે દસ દિવસ ચાલશે, જે શુભ ફળદાયક ગણાય છે. નવરાત્રીના આ પર્વમાં નવદુર્ગા માતાજી ભક્તોને આશીર્વાદ આપવા હાથી પર બેઠા પધારશે. દિવ્ય દર્શન અને માતાજીની ઉપસ્થિતિ ભક્તો માટે અનોખો અનુભવ રહેશે. આ નવરાત્રીમાં માતાજીની આરાધના, આરતી, ઉપવાસ અને ભકિતપૂર્વકની પૂજાઓનું વિશેષ આયોજન કરવામાં આવશે. ભક્તો ઘરોમાં કે મંદિરોમાં માતાજીનું આરાધન કરશે અને ગરબા, ભજન, આરતી અને પ્રસાદ વિતરણ દ્વારા પર્વને વધુ ભવ્ય બનાવશે.

શારદીય નવરાત્રી ભક્તો માટે આધ્યાત્મિક અને ધાર્મિક મહત્વ ધરાવતું છે, અને આ વર્ષે હસ્ત નક્ષત્ર અને બ્રહ્મયોગના શુભ સંયોજન સાથે શરૂ થવું તેને વધુ પાવન અને મહત્વપૂર્ણ બનાવે છે.

નવરાત્રિનો સમાપન દશેરા ૨ ઓક્ટોબર ના દિવસે થશે, જ્યાં દિવ્ય પૂજા, ગરબા વિસર્જન અને ભક્તિ સાથે ભવ્ય સમારોહનો આનંદ લેવામાં આવશે.

### સોમવારે ઘટ સ્થાપના તથા ગરબો સ્થાપનના શુભ મુહૂર્ત

સ્થાપના સમયઃ સવારે ૦૬:૦૦-૦૭:૩૦

અમૃતઃ સવારે ૦૯:૦૦-૧૦:૩૦

શુભઃ બપોરે ૦૧:૩૦-૦૩:૦૦

ચલઃ બપોરે ૦૩:૦૦-૦૪:૩૦

લાભઃ સાંજે ૦૪:૩૦-૦૬:૦૦

અમૃતઃ સાંજે ૦૬:૦૦-૦૭:૩૦

ચલઃ રાત્રે ૧૦:૩૦-૧૨:૦૦

### તિથિ પ્રમાણે નોરતા

**પ્રથમ નોરતું**
સોમવાર ૨૨/૯/૨૦૨૫

**બીજું નોરતું**
મંગળવાર ૨૩/૯/૨૦૨૫

**ત્રીજું નોરતું**
બુધવાર ૨૪/૯/૨૦૨૫

**ચોથું નોરતું**
ગુરુવાર ૨૫/૯/૨૦૨૫

**પાંચમું નોરતું**
શુક્રવાર ૨૬/૯/૨૦૨૫

**છઠ્ઠું નોરતું**
શનિવાર ૨૭/૯/૨૦૨૫

**સાતમું નોરતું**
રવિવાર ૨૮/૯/૨૦૨૫

**આઠમું નોરતું**
સોમવાર ૨૯/૯/૨૦૨૫ ના આઠમ સાંજે કલાક ૦૪:૩૨ મીનીટ થી લાગે છે ત્યારે આઠમ ના સાંજે નિવેદ કરી શકાય છે.

**નવમું નોરતું**
૩૦/૯/૨૦૨૫ મંગળવાર નાં દુર્ગા અષ્ટમી તિથિનો ઉપવાસ અને દિવસના નિવેદ કરી શકાય છે. સાંજે ૦૬:૦૬ મીનીટ સુધી આઠમ તિથિ છે. નવમું નોરતું થાય છે.

**દશમું નોરતું**
૧/૧૦/૨૦૨૫ બુધવાર નાં મહાનવમી, નવરાત્રિ ઉથાપન. ગરબા વિસર્જન કરવામાં આવશે.

નવમી તિથિના નિવેદ કરવા માટે સાંજે અને રાત્રીમાં નિવેદ કરવા હોય તેવા લોકો માટે તારીખ ૩૦/૯/૨૦૨૫ના સાંજે કલાક ૦૬:૦૬ મીનીટ પછીથી તારીખ=૧/૧૦/૨૦૨૫ના રાત્રે કલાક ૦૭:૦૧ મીનીટ સુધી નોમ તિથિ છે.

**શારદીય નવરાત્રી ભક્તો માટે આધ્યાત્મિક અને ધાર્મિક મહત્વ ધરાવતું છે, અને આ વર્ષે હસ્ત નક્ષત્ર અને બ્રહ્મયોગના શુભ સંયોજન સાથે શરૂ થવું તેને વધુ પાવન અને મહત્વપૂર્ણ બનાવે છે**

# નવરાત્રીમાં આ વર્ષે નવને બદલે દસ નોરતા

શરદીય નવરાત્રીનો પવિત્ર તહેવાર શરૂ થઈ રહ્યો છે. હિન્દુ ધર્મમાં નવરાત્રી એ શક્તિ ઉપાસનાનો મહત્વનો પર્વ છે, જે દરમિયાન માં દુર્ગાના નવ સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે. આ વર્ષે નવરાત્રીની ખાસ વિશેષતા એ છે કે આ વખતે નવને બદલે દસ નોરતા છે. વૃદ્ધિ તિથિને કારણે ત્રીજો નોરતો ૨૪ અને ૨૫ સપ્ટેમ્બરે બે દિવસ ઉજવાશે. નવરાત્રીના પહેલા દિવસે ઘટ સ્થાપનની વિધિ શુભ મુહૂર્તમાં કરવામાં આવે છે, જે નવરાત્રીના દિવ્ય અનુષ્ઠાનનો પાયો બનાવે છે. નવરાત્રી એ શબ્દ બે શબ્દો 'નવ' (નવ) અને 'રાત્રી' (રાત) થી બનેલો છે, જેનો અર્થ થાય છે 'નવ રાતોનો તહેવાર'. આ નવ દિવસ દરમિયાન દેવી દુર્ગાના નવ સ્વરૂપો- શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી અને સિદ્ધિદાત્રીની પૂજા કરવામાં આવે છે.

આ નવ સ્વરૂપો શક્તિ, ધૈર્ય, શાંતિ, બુદ્ધિ અને આધ્યાત્મિકતાના પ્રતીક છે. નવરાત્રી એ એક એવો સમય છે જ્યારે ભક્તો પોતાની આંતરિક શક્તિને જાગૃત કરવા અને નકારાત્મક ઊર્જાનો નાશ કરવા માટે માં દુર્ગાની આરાધના કરે છે. શાસ્ત્રો અનુસાર, નવરાત્રી એ માત્ર ધાર્મિક ઉત્સવ જ નથી, પરંતુ આધ્યાત્મિક સાધનાનો પણ સમય છે. આ દિવસોમાં ઉપવાસ, જપ, તપ, ધ્યાન અને દેવીના મંત્રોનું પઠન કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન દેવીની ઉપાસના દ્વારા ભક્તો પોતાના જીવનમાંથી અજ્ઞાન, દુષ્ટતા અને નકારાત્મક ભાવનાઓને દૂર કરીને શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

નવરાત્રીના પહેલા દિવસે ઘટ સ્થાપનની વિધિ ખૂબ જ મહત્વની માનવામાં આવે છે. ઘટ સ્થાપન એટલે કળશની સ્થાપના, જેને શાંતિ કળશ પણ કહેવામાં આવે છે. આ વિધિ દ્વારા દેવીની શક્તિને આવાહન કરવામાં આવે છે અને નવ દિવસ સુધી ચાલનારા અનુષ્ઠાનનો પ્રારંભ થાય છે. ઘટ સ્થાપન શુભ મુહૂર્તમાં કરવામાં આવે છે,આ વર્ષે નવરાત્રીની એક ખાસ વિશેષતા એ છે કે નવને બદલે દસ નોરતા છે. આ ઘટના વૃદ્ધિ તિથિને કારણે બની છે. વૃદ્ધિ તિથિ એટલે કે તિથિનું વધારે એક દિવસ લંબાવું, જેના કારણે ત્રીજો નોરતો ૨૪ અને ૨૫ સપ્ટેમ્બરે બે દિવસ ઉજવાશે. આ દરમિયાન માં ચંદ્રઘંટાની પૂજા કરવામાં આવશે, જે શાંતિ, શક્તિ અને નકારાત્મક ઊર્જાનો નાશ કરનારી દેવી તરીકે ઓળખાય છે.

આ વધારાનો દિવસ ભક્તો માટે ખૂબ જ શુભ માનવામાં આવે છે, કારણ કે તેમને દેવીની ઉપાસના માટે એક વધારાનો દિવસ મળે છે. આ દિવસે ભક્તો વધુ સમય સુધી ધ્યાન, જપ અને પૂજા કરી શકે છે, જે આધ્યાત્મિક રીતે ખૂબ જ ફળદાયી માનવામાં આવે છે.

આશાપુરા માતાજીને શક્તિનું સ્વરૂપ માનવામાં આવે છે, અને તેમના મંદિરોમાં નવરાત્રી દરમિયાન ભક્તોની ભીડ ઉમટે છે. આશાપુરા માતાજીના મુખ્ય મંદિર, જે કચ્છમાં આવેલું છે, ત્યાં નવરાત્રીના પહેલા દિવસથી જ ભક્તો દર્શન માટે ઉમટે છે. આ વર્ષે પણ, જેમ તમે ઉલ્લેખ કર્યો, સવારથી જ આશાપુરા માતાજીના મંદિરે ભક્તોની ભીડ જોવા મળી હતી.

### રાજકોટમાં આશાપુરા મંદિરે ભક્તિ અને શક્તિનો અનોખો સંગમ

રાજકોટમાં નવરાત્રી પર્વ આજે ભક્તિ અને ઉત્સાહ સાથે શરૂ થયો છે. પેલેસ રોડ ખાતે આવેલમાં આશાપુરા મંદિર ભક્તિભાવ અને શણગારથી શોભાયમાન છે. માતાજીના દર્શન માટે ભક્તો સવારથી જ ઉમટી પડ્યા છે, જ્યાં ભક્તિભાવ અને શ્રદ્ધાનો અનોખો મિલન જોવા મળ્યો.

નવરાત્રી પર્વ ભારતીય સંસ્કૃતિની ઈમારત છે, જે ધર્મ, જ્ઞાન અને ભક્તિના પાયા ઉપર ટકી છે. માં આશાપુરાનું સ્વરૂપ અજોડ, અનોખું અને અલૌકિક છે. મંદિરના દર્શન અને આરાધનાથી ભક્તો મનોકામના પૂર્ણ થવાનો અનુભવ કરે છે.

ઉત્સવના સમયે રાસ-ગરબા અને સાંજના ભજનોએ પેલેસ રોડને ભક્તિભાવથી ઘેર્યા છે. ભક્તો આરતી અને દર્શન સાથે માતાજીનો આશીર્વાદ પ્રાપ્ત કરે છે, જે તેમના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે છે

# ‘ગુજરાતમાં મોડી રાત સુધી ખેલૈયાઓને ગરબા રમવાની છુટ આપતા’ઃ હર્ષ સંઘવી

સુરત, તા. ૨૨ઃ આજથી નવરાત્રીનો આરંભ થઈ રહ્યો છે ત્યારે ખેલૈયાઓ માટે એક ખુશ ખબર આવ્યા છે. સુરત ખાતેથી ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મોડી રાત સુધી ખેલૈયાઓ ગરબા રમી શકશે તે પ્રકારની જાહેરાત કરી છે. આ સાથે જ કોમર્શિયલ ગરબા આયોજકોની ચીમકી પણ આપી છે કે, કોમર્શિયલ ગરબા માટે એને બધી જ વ્યવસ્થાઓ સંપૂર્ણપણે કરવાની રહેશે અને કોઈ પણ પ્રકારની ભક્તિને ખલેલ પહોંચે તે પ્રકારના ઘટના કે એ પ્રકારના ગીતો એ ચલાવી લેવામાં આવશે નહીં.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, માં અંબાની ભક્તિ, ઓપરેશન સિંદૂરની શક્તિ, આત્મનિર્ભર બનીએ નસ નસથી. મોડી રાત સુધી ખેલૈયાઓ ગરબા રમશે પૂરા હકથી. આ ગુજરાતની ધરતી પર, માં અંબાની ભક્તિ કરનાર આ લાખો ગુજરાતીઓ મોડી રાત સુધી ગરબા રમી શકે તે માટે સંપૂર્ણપણે વ્યવસ્થાઓ કરવા માટે ગુજરાત પોલીસના સૌ જિલ્લા વડાઓ અને શહેરના વડાઓને સૂચના આપવામાં આવી છે. સૌ નાના નાના વેપારીઓ જે શહેરોમાં, જિલ્લાઓમાં રાત-દિવસ મહેનત કરીને વ્યક્તિઓ નાની-મોટી વસ્તુઓ બનાવતા હોય છે કે આ પછી ખાણી-પીણીના સ્ટોલ ચલાવતા હોય છે. આ હજારો-લાખો પરિવારો માટે નવરાત્રી જ દિવાળી બની જાય તેવી વ્યવસ્થાઓ કરવા માટે પણ ગુજરાત પોલીસને સૂચના આપવામાં આવી છે.



મારા રાજ્યના નાના-નાના વેપારીઓ એ સંપૂર્ણપણે ખૂબ સારી રીતે એનો ઉદ્યોગ આ નવ દિવસમાં કરી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સાથે સાથે આ વખતે વિશેષ નવરાત્રી છે. કારણ કે મા અંબાની ભક્તિ છે અને ઓપરેશન સિંદૂરની શક્તિ છે અને સાથે આ વર્ષે આત્મનિર્ભર ભારત અને સ્વદેશી અપનાવવાના નારા જોડે દેશ આખું કંઈક અલગ જ મૂડમાં દેખાઈ રહ્યું છે. મને પૂરો વિશ્વાસ છે કે નવરાત્રીના સૌ આયોજકો જે ખાસ કરીને કોમર્શિયલ આયોજન કરે છે તે સૌ લોકો ગરબા રમનાર, ગરબા રમવા આવતી મારી બહેન, ભાઈઓ અને પરિવારજનોની જે વ્યવસ્થાઓ છે એ સંપૂર્ણપણે વ્યવસ્થાઓ ખૂબ સારી રીતે કરશે.

વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની ઢીલ એ ચલાવી લેવામાં નહીં આવે. કોમર્શિયલ ગરબા માટે એને બધી જ વ્યવસ્થાઓ સંપૂર્ણપણે કરવાની રહેશે અને સાથે સાથે આપણા રાજ્યની સંસ્કૃતિ માં અંબાના ગરબા અને નવરાત્રિના આ નવ દિવસ જ્યારે લાખો લોકો માં અંબાની ભક્તિમાં આવતા હોય છે ત્યારે કોઈ પણ પ્રકારની ભક્તિને ખલેલ પહોંચે તે પ્રકારના ઘટના કે એ પ્રકારના ગીતો એ ચલાવી લેવામાં આવશે નહીં. આ આપણી સંસ્કૃતિ છે અને આ સંસ્કૃતિ આપણે સૌએ જાળવી રાખવી એ આપણી જવાબદારી છે. આપ સૌને નવરાત્રિની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને ખેલૈયાઓ પૂરા મનથી ગરબા રમી શકે તેવી વ્યવસ્થાઓ આપણે સૌ લોકો સાથે મળીને કરશું. સૌ લોકો પૂરી શક્તિથી, પૂરી એનર્જીથી ગરબા રમવા જાઓ. કોઈ અને પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી. આ બધી જ સમયની વ્યવસ્થાઓ આપણે લોકો કરી રહ્યા છે. પરંતુ મારી બધી જ બહેન-દીકરીઓને ખાસ કરીને વિનંતી છે કે કોઈ પણ જગ્યા પર નાની એવી પણ તકલીફ તમને નજરે પડે, તમે એક્ટિવામાં ગયા છો અને રસ્તામાં એક્ટિવા બંધ પડી ગયું અને હવે ઘરે કઈ રીતે પહોંચશો, તમારી બધાની જ સેવામાં ગુજરાત પોલીસ ઉપલબ્ધ છે. કોઈ પણ તકલીફ પડે, તમને માત્ર એટલી જ વિનંતી છે કે વગર વિચારે ૧૧૨ પર એકવાર માત્ર જાણકારી આપી દો. જેથી અમે ઝડપથી આપની મદદમાં ત્યાં પહોંચી શકીએ. આપણે સૌએ જ્યાં જઈએ છે, માતા-પિતા, પરિવારજનો અને આપણા મિત્રોને એની સંપૂર્ણ માહિતી હોવી જોઈએ. એ જ પ્રકારે આપણે લોકોએ સંપૂર્ણ વ્યવસ્થાઓ અને વ્યવસ્થાઓમાં કોઈ પણ ગેરવ્યાજબી લોકો એ ફાયદો ના લઈ જાય એ પ્રકારની વ્યવસ્થાઓ આ વખતે આપણે ગોઠવી છે. એટલા માટે આપ સૌને વિનંતી છે કે આ વ્યવસ્થાઓમાં વધુમાં વધુ આપ સૌ લોકો મદદ કરજો.

# અમિત શાહ રાજકોટમાં ઃ સહકાર સંમેલનમાં હજારો લોકો ઉમટયા



## રાજકોટ જીલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સભા તથા વિઠલભાઈ રાદડીયા - વલ્લભભાઈ પટેલની પ્રતિમાનુ અનાવરણ


રાજકોટ તા.૨૨ઃ કેન્દ્રીય ગૃહ-સહકારિતા મંત્રી અમિત શાહ આજે રાજકોટના પ્રવાસે છે. જીએસટીમાં રાહત વચ્ચે કેન્દ્રીય મંત્રી સહકારી ક્ષેત્ર માટે પણ કોઈ મોટી જાહેરાત કરશે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે. રાજકોટની જીલ્લા બેંક તથા સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સામાન્ય સભા તથા તેને સંલગ્ન સહકાર સંમેલનમાં હાજરી આપવા કેન્દ્રીય ગૃહ સહકારિકા મંત્રી અમિત શાહ તથા શ્રમ-રમતગમત મંત્રી મનસુખ માંડવીયા રાજકોટની મુલાકાતે આવ્યા છે.

રેસકોર્ષમાં યોજાય રહેલી રાજકોટ જીલ્લાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સભા તથા સહકારી સંમેલનમાં હાજરી આપશે. બપોરે તેઓ સૌપ્રથમ જીલ્લા બેંક ભવન ખાતે વિઠલભાઈ રાદડીયા તથા વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરશે અને ત્યારબાદ રેસકોર્ષમાં સહકારી સંમેલનમાં હાજરી આપશે. સહકાર સે સમૃદ્ધિ હેઠળ અનેકવિધ કાર્યક્રમો થઈ જ રહ્યા છે તેવા સમયે રાજકોટના કાર્યક્રમમાં અમિત શાહની હાજરીથી સહકારી જગતમાં જબરો ઉત્સાહ છે. રાજકોટ-મોરબીના સમગ્ર જીલ્લામાંથી હજારોની સંખ્યામાં સહકારી આગેવાનો, પશુપાલકો, ખેડુતો વગેરે ઉમટી પડયા છે. કેન્દ્ર સરકારે સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા તથા કિસાનો-પશુપાલકોને મહતમ લાભ અપાવવા માટે અનેકવિધ યોજનાઓ જાહેર કરી જ છે. આજે રાજકોટના સંમેલનમાં પણ સહકારી ક્ષેત્રને લગતી મોટી જાહેરાત કરે તેવી અટકળો રહી છે.

રાજકોટનુ સહકારી માળખુ દેશભરમાં નામના ધરાવે છે. ખાસ કરીને જીલ્લા બેંક તથા રાજકોટ ડેરીની નામના વિશેષ છે અને કામગીરી-માળખાના અભ્યાસ માટે દેશભરના જુદા-જુદા રાજ્યોના સહકારી નેતાઓ-અધિકારીઓ મુલાકાતે આવતા હોવાનું ઉલ્લેખનીય છે. દરમ્યાન અમિત શાહની રાજકોટની મુલાકાતને ધ્યાને રાખીને સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

# રાજકોટના કિસાનપરામાં મકાન ભાડે રાખી કૂટણખાનું ચલાવતી મહિલા ઝડપાઇ

## ■ ત્રણની ધરપકડ પીઆઇ ભાર્ગવસિંહ ઝનકાત અને ટીમની કાર્યવાહી



રાજકોટ, તા. ૨૨: રાજકોટ છેલ્લા કેટલાક દિવસોથી પોલીસ સતત સ્પા અને હોટલોમાં દરોડા પાડી લોહીના વેપલાનો પર્દાફાશ કરી રહી છે. અલગ અલગ સ્પા મસાજ પાર્લર અને હોટલોમાં ચાલતા કુટણખાના ઝડપી લેવામાં આવ્યા બાદ હવે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનીટે કિસાનપરામાં આવેલી સોસાયટીના એક મકાનમાં દરોડો પાડી મહિલા સંચાલિત કુટણખાનુ ઝડપી લેતા ચકચાર જાગી છે.વઆ મહિલા ભાડે મકાન રાખી તેમાં છોકરીઓને રાખી તેની પાસે દેહવ્યાપાર કરાવતી હોવાનું ખુલ્યું હતું. પોલીસે મહિલા સહિત ત્રણને પકડી કાર્યવાહી કરી હતી.

પોલીસે આ દરોડામાં કૂટણખાનામાંથી સોનલબેન ભરતભાઈ વડાલીયા (ઉ.વ ૪૯ રહે, મુક્તા, ૨૫/૨૩ ન્યુ જાગનાથ, એસ્ટ્રોન ટોકીઝ પાસે, જાગનાથ પ્લોટ), પ્રકાશ હસમુખભાઈ જોષી (ઉ.વ.૪૬ રહે.૩૦૩, સુર્યાન્જલી રેસીડન્સી, ન્યુ કોશાળ, અમરોલી, સુરત) તથા રાહિલ છોટાલાલ દેપાણી (ઉ.વ.૨૬, ધંધો.પ્રા.નોકરી રહે.બ્લોક નં.૨૦૧, શ્રીનાથ ટાવર, ગોંડલ)ને પકડ્યા છે.

પીઆઇ ભાર્ગવસિંહ ઝણકાતે જણાવ્યું હતું કે રાજકોટ શહેર એ-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કિસાનપરા ચોકની બાજુમાં આવેલ સોસાયટી વિસ્તારમાં આવેલ એક ડુપ્લેક્ષ મકાનમાં એક મહિલા દ્વારા છોકરીઓ રાખી અને બહારથી ગ્રાહકો બોલાવી દેહ વ્યાપારનો ધંધો કરાવવામાં આવે છે અને આર્થીક લાભ મેળવતા હોઈ જેથી હકીકત વેરીફાય કરાવતા આ હકીકત સાચી પડી હોઈ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ દ્વારા પંચોને સાથે રાખી જરુરી સૂચના આપી મકાનમાં રેઈડ કરતા સોસાયટી વિસ્તારમાં આવેલ મકાનની આડમાં દેહવ્યાપારની પ્રવૃત્તિ ચાલતી હોવાનું ધ્યાનમાં આવેલ હતું. આ કુંટણખાનામાં ગ્રાહક પાસેથી ૨૦૦૦ રૂપિયા લઈ તેમાંથી ૧૫૦૦ રૂપિયા ભોગ બનનાર સ્ત્રીને અને ૫૦૦ રૂપિયા સંચાલક મહિલા પોતે લેતી હતી. પોતાના આર્થિક લાભ માટે અન્ય સ્ત્રી પાસે દેહ વ્યાપારનો ધંધો કરાવી પોતાનું ગુજરાન ચલાવતા હોઈ મકાનમાંથી ૨૮૦૦ રોકડા તથા પાંચ મોબાઈલ કિ.૪૫,૦૦૦ સહિત કુલ રૂપીયા ૪૭,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણ આરોપીઓ વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ધી ઈમોરલ ટ્રાફિક એક્ટ ૩,૪,૫ મુજબનો ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

દરોડાની આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) ભરત બી. બસીયાએ રાજકોટ શહેર વિસ્તારમાં દેહવ્યાપારની પ્રવૃત્તિ અન્વયે જરૂરી તપાસ કરવા તથા આવી પ્રવૃત્તિ અટકાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચના આપેલ હોઈ જે અન્વયે આ કામગીરી પો.ઈન્સ ભાર્ગવસિંહ એમ.ઝણકાટ, પો.સ.ઈ. એ.કે.ગોસ્વામી, હેડકોન્સ. હરસુખભાઇ ડી. વાછાણી, હેડકોન્સ મહમદઆરીફ અંસારી, કોન્સ. હસમુખભાઈ બાલધા, મહિલા કોન્સ.ભુમીકાબેન ઠાકર, પો.કોન્સ મહેશ ગણેશપ્રસાદ તથા મહિલા લોકરક્ષક જ્યોતીબેન શામજીભાઈ બાબરીયા તથા ડ્રાઈવર સુર્યકાંતભાઈએ આ કામગીરી કરી હતી.

શહેરમાં એક અઠવાડિયામાં પોલીસે અલગ અલગ મસાજ પાર્લર સ્પા તથા હોટેલમાં દરોડા પાડી કુટણખાના ચાલતા હોવાનો પર્દાફાશ કર્યો હતો. પોશ વિસ્તાર ગણાતા કિસાનપરાની સોસાયટીમાં ભાડાના મકાનમાં આવી ગેરપ્રવૃતિ પકડાતા રહેવાસીઓમાં ચકચાર જાગી છે.

# દિવાળી માટે ગુજરાતમાં ૧૬૦૦ એક્સ્ટ્રા બસો દોડાવાશે : ઓનલાઈન- ઓફલાઈન બુકિંગની સુવિધાઃ હર્ષ સંઘવી




સુરત, તા. ૨૨ : ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પત્રકાર પરિષદ યોજીને દિવાળીના તહેવાર દરમિયાન રાજ્યની એસટી બસ સેવાઓમાં વધારો કરવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, સુરત શહેર લાખો લોકોને રોજગારી આપે છે અને પરિવારોના સપના સાકાર કરવામાં મહત્વનું યોગદાન આપે છે. આ શહેર અને રાજ્યને દેશના સર્વોચ્ચ સ્થાને લઈ જવાનો શ્રેય અહીંના લોકોને જાય છે. દિવાળીના તહેવાર દરમિયાન હજારો પરિવારો પોતાના વતન, જેમ કે સૌરાષ્ટ્ર, બનાસકાંઠા, પાટણ, અને સાબરકાંઠા જેવા વિસ્તારોમાં જતા હોય છે, જેના માટે રાજ્ય સરકારે વિશેષ વ્યવસ્થા કરી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ''સુરતની ધરતી લાખો લોકોને રોજગારી આપે છે અને અહીંના લોકો રાજ્યને દેશના સર્વોચ્ચ સ્થાને લઈ જવામાં યોગદાન આપે છે. દિવાળીના તહેવારમાં લોકો પોતાના વતન જાય તે માટે રાજ્ય સરકારે આ વખતે ૧,૬૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન કર્યું છે. અમે ખાતરી કરીશું કે દરેક મુસાફરને સરળ અને સુરક્ષિત પરિવહન મળે.''

ગુજરાતમાં દર વર્ષે દિવાળી દરમિયાન દ્વારા એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષે ઓક્ટોબર ૨૦૨૪માં દિવાળી અને નવા વર્ષના તહેવારો દરમિયાન ૧,૨૦૦ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી, જેનો લાભ લગભગ ૨૦ લાખ મુસાફરોએ લીધો હતો. આ વર્ષે માંગમાં વધારો થતાં ૧,૬૦૦ બસોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વડોદરા રૂટ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. નિયમિત સેવા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા દરરોજ ૮,૦૦૦ બસો દોડાવવામાં આવે છે, જેનો લાભ ૨૭,૦૦૦ લોકો લઈ રહ્યા છે.એક્સ્ટ્રા બસો આ વર્ષે ધારાસભ્યો અને અન્ય પ્રતિનિધિઓની માંગને ધ્યાનમાં રાખીને, દિવાળી દરમિયાન ૧૬ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર સુધી ૧,૬૦૦ વધારાની બસોનું આયોજન કરવામાં આવ્યું છે.

રૂટનું આયોજન આ બસો રાજ્યના વિવિધ વિસ્તારોમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને વડોદરા રૂટ પર સંચાલિત કરવામાં આવશે. બુકિંગ વ્યવસ્થા ઓનલાઈન અને ઓફલાઈન બુકિંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત, સોસાયટી અને ગ્રૂપ બુકિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગામડાં સુધી પહોંચ ખાસ વ્યવસ્થા હેઠળ, બસો ગામના ઝાંપા સુધી મુસાફરોને મૂકશે, જેથી ગ્રામીણ વિસ્તારમાંથી આવતા પ્રવાસીઓને સરળતા રહે.ભાજપની માંગ શહેરના ભારતીય જનતા પાર્ટી ()ના પ્રતિનિધિઓએ વધુ બસોની માંગ કરી હતી, જેને ધ્યાનમાં રાખીને વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવશે. ઉલ્લેખનિય છે કે, દર વર્ષે દિવાળી ઉપર સુરતથી વતન જવા માટે રેલવે સ્ટેશન ઉપર મોટા પ્રમાણમાં ભીડ લાગે છે. તો બસ સ્ટેશનોમાં પણ કિડિયારાની જેમ વસ્તી ઉભરાય છે, પરંતુ તેથી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા ખોરવાઈ પડે છે. લોકો પોતાના વતનમાં સમયસર પહોંચી શકતા નથી, તો ઘરે પહોંચવામાં સુરક્ષિત ટ્રાન્સપોર્ટ પણ મળતું નથી. અંતે તો લોકોને વધારે પૈસા ખર્ચીને ગમે તેવી ગાડીઓમાં હેરાન-પરેશાન થઈને જવું પડતું હોય છે. તો દિવાળી ઉપર લક્ઝરી જેવી ટ્રાન્સપોર્ટ ડબલથી પણ વધારે ભાડૂં વસૂલતા હોય છે, તેથી ખુબ જ મુશ્કેલીઓ ઉભી થતી હોય છે. આ તમામ સમસ્યાઓને ઉકેલવા માટે હર્ષ સંઘવીએ પહેલાથી જ વાહન વ્યવહારની સેવાઓ ઉપર ધ્યાન આપ્યું છે.

# સુરતમાં હિન્દુનેતા ઉપદેશ રાણાની કારમાં તોડફોડ

## ગેરેજમાં મૂકેલી કારના અજાણ્યા શખસોએ કાચ તોડ્યા, અગાઉ આતંકી સંગઠનોએ ધમકીઓ આપી હતી



સુરત, તા. ૨૨: હિન્દુવાદી નેતા તરીકેની છબિ ધરાવતા ઉપદેશ રાણાની કારમાં સુરત ખાતે અજાણ્યા શખસોએ તોડફોડ કરી છે. આ ઘટના ત્યારે બની જ્યારે રાણા હૈદરાબાદમાં હતા. ગોડાદરા પોલીસે આ મામલે વિગતવાર તપાસ શરૂ કરી છે. આ ઘટનાની જાણકારી અંગે ઉપદેશ રાણાએ જણાવ્યું હતું કે તેઓ હૈદરાબાદ છે અને ગેરેજમાલિક દ્વારા તપાસ માટે ફરિયાદ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ઉપદેશ રાણાને ઈર્જઈજ તરફથી અને અન્ય શખસો તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી ચૂકી છે. હું ગઈકાલે રાતે ફ્લાઈટથી હૈદરાબાદ આવ્યો છું. સુરતના ઘોડાદરામાં મારા આવાસ પાસે મેં મારી હેરિયર કાર ખેતપાલભાઈને કામ કરવા માટે આપી હતી. ખેતપાલભાઈએ કારનું કામ કરીને ગેરેજની બાજુમાં મેદાન છે, ત્યાં મારી કાર ઊભી રાખી હતી. મારી કાર પર પથ્થરમારો થયો છે. કાચ તોડી નાખ્યાં છે અને અંદરથી પથ્થર પણ મળી આવ્યા છે. મારૂ નિવેદન છે કે, જે પણ લોકોએ આ કર્યું છે, તેની સામે કાર્યવાહી કરવામાં આવે.

આ ઘટનાની જાણકારી ખેતપાલ બાબુસિંહ રાજપુરોહિત (ઉં.વ. ૨૪) નામના ગેરેજમાલિક દ્વારા આપવામાં આવી હતી. ખેતપાલ રાજપુરોહિત મૂળ રાજસ્થાનના બાલોતરા જિલ્લાના કાલુળિયા ગામના વતની છે અને હાલ સુરતના ગોડાદરા વિસ્તારમાં સાઈ સૃષ્ટિ એપાર્ટમેન્ટના ઘર નંબર ૧૦૨, પહેલા માળે રહે છે. આ ઘટના ઉપદેશ રાણાની ગાડી તેમના ગેરેજમાં રિપેરિંગ માટે મૂકવામાં આવી હતી એ દરમિયાન બની હતી. રાજપુરોહિત દ્વારા આપવામાં આવેલી ફરિયાદ મુજબ, તોડફોડની ઘટના ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ રાત્રિના ૮:૩૦થી ૯:૨૦ વાગ્યાની વચ્ચે બની હતી. આ મામલે ફરિયાદ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૨:૩૦ વાગ્યે પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ફરિયાદી રાજપુરોહિતે જણાવ્યું હતું કે ૨૧ સપ્ટેમ્બરના રોજ સવારે આશરે ૯:૩૦ વાગ્યે તેમણે તેમના ગેરેજમાં રિપેરિંગ માટે આવેલી તમામ ફોર-વ્હીલર ગાડીઓને બહાર કાઢીને રાધે-શ્યામ સોસાયટીની બાજુમાં ખુલ્લી જગ્યામાં મૂકી હતી. રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યે જ્યારે તેઓ ગેરેજ બંધ કરી રહ્યા હતા અને એક પછી એક ગાડીઓને અંદર મૂકી રહ્યા હતા ત્યારે તેમને એક સફેદ ટાટા હેરિયર ગાડી (રજિ. નંબર GJ-05-RN-2626)નો પાછળનો કાચ તૂટેલો જોવા મળ્યો. નુકસાન જોતાં જ રાજપુરોહિતે તાત્કાલિક ગાડીના માલિક ઉપદેશ રાણાને ફોન કરીને જાણ કરી અને તેમના મોબાઈલ નંબર પર તૂટેલા કાચનો વીડિયો પણ વ્હોટ્સએપ પર મોકલી આપ્યો હતો. ત્યાર બાદ તેમણે ગાડીને સુરક્ષિત રીતે ગેરેજની અંદર મૂકી દીધી.

ઉપદેશ રાણાએ જણાવ્યું હતું કે તેમને આ ઘટનાની જાણકારી મળી છે અને તેમણે સ્થાનિક પોલીસને પણ જાણ કરી છે. હાલ ગોડાદરા પોલીસ આ મામલે તપાસ કરી રહી છે કે ગાડીને નુકસાન પહોંચાડનાર કોણ છે. પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ તોડફોડ પાછળનો હેતુ હજી સ્પષ્ટ થયો નથી અને પોલીસ ગુનેગારોને શોધી કાઢવા માટે કાર્યરત છે. ઉપદેશ રાણા રાષ્ટ્રવાદી અને હિન્દુ વિચારધારા સાથે જોડાયેલા છે. ઉપદેશ રાણાનો જન્મ ઉત્તરપ્રદેશ રાજ્યના મેરઠ શહેરમાં થયો હતો. તેમનું બાળપણ પણ મેરઠ શહેરમાં જ વીત્યું હતું. તેમણે ઉત્તરપ્રદેશ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનમાંથી તેમનું શિક્ષણ પૂર્ણ કર્યું અને ત્યાર બાદ તેમણે ચૌધરી ચરણ સિંહ મેરઠ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. અભ્યાસ દરમિયાન ઉપદેશ રાણા હિન્દુઓને લગતી પ્રવૃત્તિઓમાં સામેલ હતા. ઉપદેશ રાણા મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી મહારાજ, વીર પૃથ્વીરાજ ચૌહાણ, ભગત સિંહ અને સુખદેવ ગુરુને પોતાના આદર્શ માને છે. અભ્યાસ પૂરો કર્યા પછી ઉપદેશ રાણા બોલિવુડમાં કારકિર્દી બનાવવા માટે મુંબઈ ગયા હતા.

તેઓ સનાતન સંઘ ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ છે, જે રક્તદાન, ગોમાતા સેવા, ગરીબ પરિવારની કન્યાઓનું શિક્ષણ, ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, હિન્દુ ધર્મના મહત્ત્વતા પર પ્રવચનોનું આયોજન, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને અનામત મેળવવામાં મદદ કરવા જેવાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે. ગામડાંમાં પછાત વર્ગના લોકોને મદદ કરવા, ગામડાંમાં બાલવાડી, બાલમંદિર, પ્રાથમિક શાળા, આશ્રમ અને પ્રાથમિક વિદ્યાલયની સ્થાપના, જાળવણી અને મદદ કરવા માટે જાહેર શિક્ષણ કેન્દ્ર ઊઝઈની સ્થાપના કરાઈ હતી.

# સુરત રેલવે સ્ટેશન પર TRB જવાનની દાદાગીરીઃ ટેક્સી ચાલકની કારની ચાવી કાઢી

## પીસીઆર પહોંચી પછી પણ તોછડું વર્તન; વીડિયો વાઈરલ થતા લોકોમાં રોષ

સુરત, તા. ૨૨: સુરત રેલવે સ્ટેશનની વિવાદાસ્પદ ઘટના સામે આવી છે, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. પાર્કિંગ કોન્ટ્રાક્ટરના કર્મચારી બાદ TRBની દાદાગીરીનો વીડિયો વાઈરલ થતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ઝછ્ઈ જવાન મુસાફરને લેવા આવેલા ટેક્સી ચાલક સાથે બેફામ વાણી વિલાસ કરતો અને ટેક્સીની ચાવી કાઢી લેતો જોવા મળ્યો છે. આ સાથે જ્યારે પોલીસને બોલાવવામાં આવે છે ત્યારે પણ તોછડું વર્તન કરતો વીડિયોમાં કેદ થયો છે.



મળતી માહિતી પ્રમાણે સુરત રેલવે સ્ટેશન પર એક ટેક્સી ચાલક કાર લઈને મુસાફરને લેવા આવ્યો હતો. દરમિયાન TRB જવાને તેને ગાડી ઊભી રાખવા ન દેવા અંગે દલીલ કરી, જેના કારણે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ઝછ્ઈ જવાને ચાલક સાથે બેફામ વાણી વિલાસ કર્યો અને ટેક્સીની ચાવી કાઢી લઈ લીધી હતી. વીડિયોમાં જવાન ચાલકને ધમકાવતો અને ચાવી પરત આપવાનો ઈનકાર કરતો સ્પષ્ટ જોવા મળ્યો હતો. ચાલકે તુરંત પોલીસ કંટ્રોલ રૂમને કોલ કર્યો, જેના પગલે મહિધરપુરા પોલીસ સ્ટેશનની ડઈછ વાન સ્થળે પહોંચી હતી. જોકે, પોલીસ કર્મીઓની હાજરીમાં પણ TRB જવાને ચાલક સાથે તોછડું વર્તન કર્યું અને ચાવી પરત આપવાનો ઈન્કાર જારી રાખ્યો હતો. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ વીડિયોને લઈને નાગરિકોમાં તીવ્ર રોષ ફેલાયો છે. સુરત રેલવે સ્ટેશનમાં પાર્કિંગ સમસ્યાને લઈને ફરી એકવાર વીડિયો વાઈરલ થયો છે. તાજેતરમાં જ સુરત રેલવે સ્ટેશન પર પાર્કિંગ કોન્ટ્રાક્ટરો વચ્ચે એક વીડિયો વાઈરલ થયો હતો, જેમાં વાહનચાલકને ટાયરની હવા કાઢવાની ધમકી તેમજ પાંચસો રૂપિયા આપે તો પણ ગાડી પાર્ક કરવા નહીં દે તેવી ધમકી આપવામાં આવી હતી.

# શ્રદ્ધાંજલિની પોસ્ટમાં રમુજી કોમેન્ટ મામલે છરીના ઘાથી ઘવાયેલા યુવાનનું મોત

રાજકોટ, તા.૨૨: સોરઠીયાવાડી પાસે પટેલનગરમાં શ્રદ્ધાંજલિની પોસ્ટમાં રમુજી કોમેન્ટ કરતા ડખ્ખો થયો હતો. જેમાં યુવાનને છરીનો ઘા ઝીંકાયો હતો. ઈજાગ્રસ્ત ૧૮ વર્ષીય પ્રિન્સને તત્કાલ લોહી લુહાણ હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો. જોકે હવે સારવારમાં ૧૦ દિવસ બાદ યુવાનનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો છે.

આ અંગે મળતી વિગત અનુસાર, મૃતક હોશમાં હતો ત્યારે જ ભક્તિનગર પોલીસે ફરિયાદ નોંધી લીધી હતી. પ્રિન્સ અનિલભાઈ બિન (ઉ.વ ૨૦)એ ફરિયાદમાં આરોપી તરીકે



બિહારના વતની અને હાલ સોરઠીયાવાળી શેરી નંબર ૧૧ માં રહેતા બીપીન રજ્જંદર ગોડ અને બ્રિજેશ ગોડના નામ આપ્યા હતા. પ્રિન્સે જણાવ્યું હતું કે, તે છેલ્લા પાંચેક વર્ષથી રાજકોટમાં રહી પટેલનગર ૨ માં આવેલા જહાનવી પ્રોસેસ નામના કારખાનામાં મજૂરીકામ કરતો હતો.

ચારેક મહિના પહેલા તેના દાદાજી રૂપનારાયણ બિનનું અવસાન થયું હતું. જેથી તેણે ફેસબુક સ્ટોરીમાં દાદાજીનો ફોટો મૂક્યો હતો. તે જ દિવસે તેના ગામના વતની બીપીનકુમારે આ સ્ટોરીમાં હાસ્યવાળી ઈમોજી મૂકી રીપ્લાય આપ્યું હતું. જેથી આ બાબતે તે દિવસે ફોનમાં બોલાચાલી થઈ હતી. બાદમાં પણ એક બે વખત બોલાચાલી થઈ હતી.









# સની દેઓલનો 'બોર્ડર-૨' ફિલ્મમાં કર્નલ તરીકેનો ફર્સ્ટ લૂક વાઈરલ

મલ્ટી સ્ટારર 'બોર્ડર ૨'ની રિલીઝની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સેટ પરથી બીટીએસ વીડિયો અને તસવીરો વાઈરલ થતી રહે છે, જેને જોઈને ચાહકોની એક્સાઈટમેન્ટ વધી જાય છે. આ વચ્ચે સની દેઓલે ૧૯૯૭ની પ્રતિષ્ઠિત યુદ્ધ ડ્રામાની સિક્વલનું શૂટિંગ ઓફિશિયલ રીતે પુરુ કરી લીધુ છે. હવે એક્ટરે સોશિયલ મીડિયા પર ફિલ્મનો એક દમદાર ફર્સ્ટ લૂક શેર કર્યો છે.

સની દેઓલે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફિલ્મથી પોતાનો કર્નલ તરીકેનો ફર્સ્ટ લૂક શેર કર્યો છે. તેણે કેપ્શનમાં લખ્યું કે, 'મિશન પૂર્ણ થયું! ફૌજી, અલવિદા! બોર્ડર ૨નું મારું શૂટિંગ પૂર્ણ થયું. જય હિન્દ!' ચાહકો આ તસવીર જોઈને ખુશ થઈ ગયા છે. એક યુઝરે લખ્યું કે,' ફાઈનલી બ્લોકબસ્ટરનું શૂટિંગ પૂર્ણ થયું.' અન્ય એક યુઝરે લખ્યું કે, 'શું લાગી રહ્યું સની પાજી ગદર ૨ જેવો જ ધમાલ ફરીથી મચાવશે.' બીજા એ યુઝરે લખ્યું કે, 'આ મહાન કૃતિની રાહ જોવાઈ રહી છે.'

આ પહેલા વરુણ ધવને જાહેરાત કરી હતી કે, મેં અપકમિંગ ફિલ્મ 'બોર્ડર ૨'નું પૂણે શેડ્યૂલ પૂર્ણ કરી લીધું છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, તેણે પૂણેમાં પોતાના એનડીએ શેડ્યૂલ પૂર્ણ થવાની જાહેરાત કરી હતી. વરુણ પોતાના કો-સ્ટાર અહાન શેટ્ટી સાથે ચાય અને બિસ્કિટ ખાતો દેખાઈ રહ્યો હતો. તેણે કેપ્શનમાં લખ્યું હતું કે, 'બોર્ડર ૨ ચાય અને બિસ્કિટ, એનડીએમાં મારું કામ પૂર્ણ થયું અને અમે બિસ્કિટ સાથે જશ્ન મનાવ્યો.'

બોર્ડર ૨નું નિર્માણ ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જે.પી. દત્તા અને નિધિ દત્તા દ્વારા કરવામાં આવ્યું છે. તે ગુલશન કુમાર અને ટી-સિરીઝ દ્વારા જે.પી. દત્તાની જે.પી. ફિલ્મ્સના સહયોગથી રજૂ કરવામાં આવી છે. આ સિક્વલ ભારતીય સૈનિકોની બહાદુરી અને અદમ્ય હિંમતનું સન્માન કરવાના વારસાને આગળ વધારે છે અને દર્શકોને દેશભક્તિ, હિંમત અને બલિદાનની રોમાંચક સફર પર લઈ જાય છે.

# જેનલિયા દેશમુખ મસ્તી ફોરમાં કેમિયો કરી રહી હોવાની ચર્ચા

આ ફિલ્મની ટીમ હાલ યુકેમાં શૂટિંગ કરી રહી છે. તેના સેટ પરથી લીક થયેલી કેટલીક તસવીરોમાં જેનેલિયા દેશમુખ દેખાઈ હતી. શરુઆતમાં ચાહકોને લાગ્યું હતું કે ફિલ્મમાં બાકીના કલાકારો સાથે રીતેશ દેશમુખ પણ રીપીટ થયો હોવાથી જેનેલિયા તેને કંપની આપવા માટે સાથે ગઈ હશે. જોકે, બાદમાં પ્રગટ થયેલા કેટલાક વિડીયોમાં જેનેલિયા સીન માટે રિહર્સલ કરતી અને કેટલાક ડાન્સ સ્ટેપ કરતી પણ દેખાઈ હતી. તે પરથી એમ મનાય છે કે આ ફિલ્મમાં તેનો પણ ટૂંકો રોલ હશે. ફિલ્મની વાર્તા અંગે અગાઉ બહાર આવેલી વિગતો અનુસાર આ વખતે ફિલ્મમાં રિવર્સ મસ્તી હશે. મતલબ કે ફિલ્મના હિરો તેમની પત્નીઓ સાથે બેવફાઈ કરે તેની સાથે સાથે ફિલ્મની હિરોઈનો પણ તેમના પતિઓ સાથે બેવફાઈ કરતી હોવાનો ટ્રેક હશે.





# એટલીની ફિલ્મમાં રશ્મિકા મંદાના નેગેટિવ ભૂમિકામાં

'પુષ્પા'ની જોડી અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના એટલીની આગામી ફિલ્મમાં સાથે દેખાવાની છે. જોકે, આ ફિલ્મમાં આ જોડી અલગ રીતે સ્ક્રીન શેર કરશે. રશ્મિકા ફિલ્મમાં નેગેટિવ રોલમાં હોવનું કહેવાય છે. જાણવા મળ્યા મુજબ ફિલ્મ માટે રશ્મિકાને અલગ અલગ રોલની ઓફર કરાઈ હતી. તેમાંથી તેણે નેગેટિવ ભૂમિકા પસંદ કરી હતી. અગાઉ તેણે ભાગ્યે જ નેગેટિવ રોલ ભજવ્યો હોવાથી આ વખતે એક પડકાર તરીકે તેણે આ ભૂમિકા પસંદ કરી હતી.

રશ્મિકાના ચાહકો તેની આ પસંદગીથી ખુશ થયા છે. છેલ્લા કેટલાય સમયથી રશ્મિકા બહુ ડોમિનન્ટ પુરુષની જીવનસાથી તરીકેના એકસરખા રોલમાં ટાઈપકાસ્ટ થઈ રહી છે. રશ્મિકાની ફિલ્મો સફળ થાય છે પરંતુ તેને વેરાયટી ધરાવતા રોલ મળતા નથી તેવી તેના ચાહકોની ફરિયાદ હતી.


"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સર્મપણ ન્યુઝ"
સત્ય સર્મપણ
NEWS
ન્યુઝ પેપરની ડિજિટલ
PDF મેળવો
ફ્રી
સત્ય સર્મપણ દૈનિક ન્યુઝ પેપરની પીડીએફ
મેળવવા માટે નીચે આપેલા આઈકન પર
ક્લિક કરો અને અમારી સાથે જોડાઓ...
અમારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને દૈનિક
અખબારમાં તમારા બિઝનેસની જાહેરાત કરો
માત્ર રૂપિયા 4999/- માં
સત્ય સર્મપણ દૈનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપવા સંપર્ક કરો: +91 85117 58302